# મે. રાજકોટના ૭માં જયુડી.મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,

**ક્રીમી. કેસ નં– ૫૩૦૯૭/૨૫**

**આંક –**

**ફરીયાદી – શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી – વિશાલ હિતેષભાઇ રામચંદાણી**

**ગુનો – બી.એન.એસ. ક.૨૨૩ મુજબ...**

**–ઃ ચુકાદો ઃ–**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત છે કે, આરોપી ફરીયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે ફરીયાદમાં જણાવ્યા મુજબનો બી.એન.એસ. ક.૨૨૩ મુજબના ગુનાઓ કરેલ છે. જેની ફરીયાદ થતા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ.

આરોપીને કામગીરી કાઢતા, આરોપી હાજર થતા તેને નકલો આપવામાં આવેલ હતી. આરોપીએ હાજર થઇ ગુનો કબુલ કરવો હોય તેમ જણાવી કબુલાત પુરસીસ આપેલ છે. આરોપીએ ગુનો કબુલ કરવાની રજુઆત કરતા, તેઓને તેઓની સામેના ગુનાની ગંભીરતા સમજાવવામાં આવેલ છે તેમ છતાં તેઓ સ્વૈચ્છીક કબુલાત કરેલ છે. જે મતલબની પુરસીસ રજુ કરેલ છે. ત્યારબાદ આરોપીની ગુનાની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમાં ગુનાનો એકરાર કરેલ છે અને ગુનો કરેલ હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં મૌખિક રજુઆત કરતા જણાવેલ છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ, અમો અમારા કુટુંબના વડીલ વ્યકિત છીએ. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે, અમો હવેથી અન્ય ગુનો ના થયા તેનું ધ્યાન રાખીશું. અમારુ કુંટુબ અમારા ઉપર નિર્ભર છે. જેથી અમારી કબુલાત સ્વીકારવા તેમજ કાયદામાં ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

**(૨)** આરોપીને ગુનો અને સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોક્ત હકિકતે આરોપીની સ્વૈચ્છીક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. ચાર્જશીટ પરથી આરોપીએ અગાઉ કોઇ ગુનો કરેલ હોય કે સંડોવાયેલા તેવી કોઇ વીગત જણાતી નથી.

બી.એન.એસ. ક.૨૨૩ માટે થયેલ સુધારા મુજબ હવે ખાનગી ફરીયાદની જરૂર રહેતી નથી અને બી.એન.એસ. ક.૨૨૩ ના ગુનામાં એક મહીનાની સાદી કેદની સજા અથવા રૂ.૨૫૦૦/– દંડ અથવા બન્નની જોગવાઇ છે. સદર કાર્યથી માનવ જીંદગી, સ્વાસ્થય કે સુરક્ષાને ખતરો થયેલ હોય તો છ મહિના સુધીની સાદી કેદની સજા અથવા રૂ.૨૫૦૦/– સુધીનો દંડ અથવા બન્નેની જોગવાઇ છે.

આમ સદર કેસની હકિકત જોતા, આરોપીની ઉમર જોતા, તેઓની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતા તેમજ આરોપી ઉપરના આક્ષેપીત ગુનાની સજા જોતા આરોપીની કબુલાત સ્વીકારવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## /// <u>હુકમ</u> ///

- **આરોપીને બી.એન.એસ.એસ–ની કલમ–૨૭૫ મુજબ બી.એન.એસ. ક.૨૨૩ ના ગુનાઓ કરવા બદલ દોષિત ઠરાવવામાં આવે છે.**
- **આરોપીને ઉપરોકત ગુનો કરવા બદલ રૂ.૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી સદર દંડની રકમ ના ભરે તો દિન–1 ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.**

હુકમ આજ તા.૧૩/૧૨/૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ : રાજકોટ
તારીખ : ૧૩/૧૨/૨૦૨૫

**( અભય સંજય ખંડેલવાલ )**
૭માંજયુડી. મેજી. ફ.ક. રાજકોટ
U.I.C. NO. GJ01662

**ફોજદારી દંડ ની રકમ રૂા. ૧૦૦૦/–**

**દંડની પહોચ નં............તા..૧૩/૧૨/૨૫**

**થી વસુલ લીધા**

**Nazir**
**C.J.M.Court,**
**Rajkot**